બીજા-ચોથા શનિવાર, રવિવાર
તથા જાહેર રજાના દિવસે બજાવેલ
ફરજ બદલ રોકડમાં વળતર ભથ્થુ.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક/૧૦૦૯/૧૯૫૮/સ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯/૪/૨૦૧૦

વંચાણમાં લીધા:

(૧) પો.મ.નિ .અને મુ.પો.અધિ.શ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧/૬/૨૦૦૯ નો પત્ર ક્ર. ડી/જાહેર રજા પગાર/આરઓપી-૦૯/૭૦૨/૦૯
(૨) ગૃહ વિભાગનો ઠ.ક્ર. ઈએસટી/૨૭૮૫/૫૫૩૬/સ તા. ૧૮/૧૨/૮૫
(૩) ગૃહ વિભાગનો ઠ.ક્ર. મહક/૨૭૮૫/૫૫૩૬/સ તા. ૧૮/૧૨/૮૫
(૪) ગૃહ વિભાગનો ઠ.ક્ર. મહક/૨૭૮૫/૫૫૩૬/સ તા. ૭/૮/૮૯
(૫( ગૃહ વિભાગનો પરિપત્ર ક્ર. મહક/૧૦૯૯/૩૪૬૧/સ
(૬) પો.મ.નિ.અને મુ.પો.અધિ.શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરિપત્ર ક્ર. ડી/જાહેર રજા પગાર/૧૭૨/૦૯ તા. ૧૭/૬/૦૯ અને તા. ૧૦/૬/૦૯
(૭) પોમનિ અને મુપોઅધિ.શ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૭/૭/૨૦૦૯ નો પત્ર ક્ર. જાહેર રજા/ડી/૮૬૭/૦૯
(૮) ના.વિ.નો ઠ.ક્ર. પગર/૧૦૦૯/૨૦/પ.એ.(મ) તા. ૨૭/૫/૦૯
(૯) પોમનિ અને મુપોઅધિ.શ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૩૦/૧૨/૨૦૦૯ નો પત્ર ક્ર. ડી/જાહેર રજા પગાર/૧૫૪૩/૦૯

<u>ઠરાવ:</u>

આમુખમાં દર્શાવેલ સરકારી આદેશો મુજબ રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ/ હેડ કોન્સ્ટેબલ, એ.એસ.આઈ.ને જાહેર રજાના દિવસે ફરજ બજાવવા માટે રજા પગાર ચુકવવામાં આવે છે.પોલીસ મહાનિદેશકશ્રીના આમુખ:(૬) માં દર્શાવેલ તા.૧૭.૦૬.૦૯ ના પરિપત્રથી આર.ઓ.પી.રુલ્સ ૨૦૦૯ મુજબ જાહેર રજા પગાર આકારવા માટે યાદી બહાર પાડવામાં આવેલ,જે અન્વયે કેટલાક જીલ્લામાં જીલ્લા તિજોરી કચેરીમાં આર.ઓ.પી.રુલ્સ, ૨૦૦૯ મુજબ જાહેર રજા પગાર આકારી બીલો રજુ કરવામાં આવતાં ,સંબંધિત જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓએ આરઓ.પી રુલ્સ- ૨૦૦૯ મુજબ જાહેર રજા પગાર આકારવા સરકારશ્રીના હુકમો મેળવી બીલો રજુ કરવાના વાંધા ઉપસ્થિત કર્યા હતા. સબબ, આ સમગ્ર બાબત સરકારશ્રીમાં મંજૂરી અર્થે મોકલવામાં આવી હતી.

આ બાબતમાં નાણા વિભાગના પરામર્શમાં રહીને પુખ્ત વિચારણાને અંતે માન. નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં થયેલ નિર્ણય મુજબ અત્યારે હાલમાં હવે છઠ્ઠા પગારપંચ મુજબ રજા પગાર ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.આ પ્રમાણેના રજા પગારનો લાભ તા. ૧/૪/૨૦૦૯ થી મળવાપાત્ર થશે, તેમ પણ આથી ઠરાવવામાં આવે છે.

આ બાબતમાં સર્વગ્રાહી વિચારણા કરવા માટે નીચે મુજબના અધિકારીશ્રીઓની એક કમિટિની રચના પણ આથી કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ અને હોદ્દો | |
|---|---|---|
| ૧. | શ્રી બલવંત સિંહ, અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ | અધ્યક્ષ |
| ૨. | શ્રી સી.એલ.મીના, અગ્રસચિવશ્રી(ખર્ચ)નાણા વિભાગ | સભ્ય |
| ૩. | શ્રી એસ.એસ. ખંડવાવાલા, પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી ગુજરાત રાજ્ય ગાંધી નગર | સભ્ય |
| ૪ . | અધિક પો.મ.નિ (નામ હવે પછી નક્કી થશે) | સભ્ય |
| ૫. | અધિકપો.મ.નિ (નામ હવે પછી નક્કી થશે) | સભ્ય સચિવ |

ઉપર પ્રમાણેની સમિતિ સમગ્ર રજા પગારની પ્રક્રિયાનો, પોલીસ – પબ્લીક રેશિયો તેમજ રજા પગારની વૈકલ્પિક કોઈ યોજના બનાવી શકાય કે કેમ વગેરે બાબતે અભ્યાસ કરી તેમના સુચનો દિન-૬૦ માં રાજ્ય સરકારને આપે તેમ આથી નક્કી કરવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૯.૦૪.૧૦ ની નોંધથી મળેલ મંજૂરી અંવયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ડી. સુથાર)
ઉપસચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી. (પત્ર દ્વારા)
મા.મુ.મંત્રીશ્રીના સચિવશ્રી
મા.મંત્રીશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી
મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી
મા.રા.ક.મંત્રીશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી
અધિક મુખ્ય સચિવશ્રી/નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ-પી શાખા અને પગાર એકમ શાખા.
પોલિસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- આપના તાબાની તમામ કચેરીઓને આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી સહ.
એ.જી. અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ તિજોરી અધિકારીશ્રી
નિવાસી તપાસણી અધિકારીશ્રી,અમદવદ/ગાંધીનગર.
ના.સે.અધિ.ફાઈલ / શાખા સિલેકટ ફાઈલ.